eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 182
February 27, 2009

## સાઉથઝોન (ઉધના) ની કામગીરી

કાર્યપાલક ઈજનેરશ્રી (સાઉથઝોન) ની સૂચના અન્વયે સાઉથઝોન (ઉધના) ના દબાણ સ્ટાફ, લાગુ શહેર વિકાસના સ્ટાફ ધ્વારા આજ રોજ તા.૧૮/૦૨/૨૦૦૯ નાં રોજ બમરોલી ના બ્લોક નં. –૨૫૯ માં ના મહાલક્ષ્મીનગર માં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. –૫૮ (બમરોલી) મુજબ ગાડ નના હેતુસર ' આર –૩૨ ' રીઝર્વ પ્લોટમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલઝોનની કામગીરી

સુરત શહેરનાં સેનટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોડ નં. ૭ નોંધ નં. ૧૩૬૯ પૈકી સબપ્લોટ નં. ૪૪ વાળી મિલ્કત માં મિલ્કતદાર શ્રી મહમદ હનીફ અબદુલ રજા ધ્વારા મંજુર ઉપર વિરુધ્ધ નું બાંધકામ કરતાં તા. ૨૦–૦૨–૦૯ નાં રોજ ગ્રાઉન્ડ ફલોર અને પ્રથમ માળની ઉપર બીજો માળ બનાવવાનાં ઈરાદાથી બનાવેલ આર.સી.સી. કોલમનું બાંધકામ દુર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોથ ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૫–૦૨–૨૦૦૯ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના લોકોની જાહેર સુખાકારીને લગતા મહત્વનાં પ્રોજેકટોની લોકાર્પણવિધિ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્દહસ્તે તા.૨૧–૦૨–૨૦૦૯, શનિવારના રોજ સંપન્ન થશે

સુરત શહેરના કોસાડ વિસ્તારમાં શહેરમાંના ગરીબ પરિવારોને રહેવા માટે ઘરનું ઘર આપવા અને તે પણ સુવિધાયુકત ઘર આપવાના ભાગરૂપે ૧૯૪૪૦ મકાનોનું આયોજન કરાયું છે. તે પૈકી ૫૨૮૦ મકાનનું બાંધકામ હાથ ધરાયુ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકોર્પણવિધિ ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે સંપન્ન



સુરત મહાનગરપાલિકા ધ્વારા કોસાડ ખાતે શહેરી ગરીબો માટે આવાસો, કતારગામ વોટર વર્કસ ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતાનો વોટર વર્કસ તથા સરથાણા વોટર વર્કસ ખાતે ૧૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ડુંભાલ ખાતે ફાયર સ્ટેશન અને સ્ટાફ કવાર્ટસ તથા અડાજણ ખાતે સ્પોટર્સ કોમ્પલેક્ષ અને પૂણા ખાતે હેલ્થ સેન્ટરની લોકોર્પણવિધિ ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન, કતારગામ ઝોન અને અઠવા ઝોનમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૨૩–૦૨–૨૦૦૯નાં રોજ સોમવારે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ



સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન, કતારગામ ઝોન અને અઠવા ઝોનમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / ઉદઘાટનવિધિ તા. ૨૩–૦૨–૨૦૦૯ નાં રોજ સોમવારે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ

લિંબાયત ઝોનમાં ગોડાદરા, ડીંડોલી રોડ ખાતે કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી દિપક આફ્રિકાવાલાના વરદહસ્તે કરવામાં આવી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન (ઉધના) ની કામગીરી

કાર્યપાલક ઈજનેરશ્રી (સાઉથઝોન) ની સૂચના અન્વયે સાઉથઝોન (ઉધના) ના દબાણ સ્ટાફ, લાગુ શહેર વિકાસના સ્ટાફ ધ્વારા આજ રોજ તા.૧૮/૦૨/૨૦૦૯ નાં રોજ બમરોલી ના બ્લોક નં. – ૨૫૯ માં ના મહાલક્ષ્મીનગર માં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. – ૫૮ (બમરોલી) મુજબ ગાડ નના હેતુસર 'આર – ૩ર' રીઝર્વ પ્લોટમાં નવા – ૫ (પાંચ) ઝુંપડાઓ બની ગયેલ હતા. જે દૂર કરી આશરે ૨૧૦૦ ચો. ફુટ નો વિસ્તાર ખુલ્લો કરાવેલ છે. તેમજ બમરોલીના બ્લોક નં. ૨૯૧ માં આવેલ જયજલારામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીની જગ્યામાં ડ્રાફટ ટી.પી. સ્કીમ નં. – ૫૮ (બમરોલી) મુજબ 'આર – ૫૯' માં નવા બનેલ વધુ ૨(બે) ઝુંપડાઓ દૂર કરી આશરે ૪૫૦.૦ ચો. ફુટ વિસ્તાર ખુલ્લો કરાવેલ છે.

TOP

## સેન્ટ્રલઝોનની કામગીરી

સુરત શહેરનાં સેનટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ વોડ નં. ૭ નોંધ નં. ૧૩૬૯ પૈકી સબપ્લોટ નં. ૪૪ વાળી મિલ્કત માં મિલ્કતદાર શ્રી મહમદ હનીફ અબદુલ રજા ધ્વારા મંજુર ઉપર વિરુધ્ધ નું બાંધકામ કરતાં તા. ૨૦–૦૨–૦૯ નાં રોજ ગ્રાઉન્ડ ફલોર અને પ્રથમ માળની ઉપર બીજો માળ બનાવવાનાં ઈરાદાથી બનાવેલ આર.સી.સી. કોલમનું બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી શહેર વિકાસ અધિકારીશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ અને દબાણ સ્ટાફની મદદથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

સુરત શહેરનાં સેન્ટ્રલઝોન વિસ્તારમાં હરીપુરા હસનજી ટેકરા પાસે આવેલ વોર્ડ નં. ૫ નોંધ નં. ૧૬૮૧ વાળી મિલ્કતના મિલ્કતદાર મુસ્તાક નુરુદીન સૈયદ તથા અન્યો ધ્વારા સેન્ટ્રલ ઝોન આઉટ/નં. ૨૯૧ તા. ૨૨/૧/૦૯ ના રોજ મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ માર્જીનવાળા ભાગમાં પ્રોજેકશન કાઢવામાં આવેલ જે તા. ૧૭/૨/૦૯ ના રોજ ૭૦.૦૦ ચો.મી. બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તથા વહીવટી ચાર્જ પેટે રૂા. ૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી શહેર વિકાસ અધિકારીશ્રી તથા ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનનાં શહેર વિકાસ અને દબાણ સ્ટાફની મદદથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## નોથ  ઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થ ઝોન  (કતારગામ) વિસ્તારમાં, તા. ૨૫–૦૨–૨૦૦૯ નાં રોજ  કરવામાં  આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી. સ્કીમ  નં. ૨૪ (ટૂંકી) માં વેડ રોડ પર આવેલ વિશ્રામનગર સોસાયટીના સી.ઓ.પી. માં અનધિકૃત  કેબીનો તથા રેતી –કપચી–ઈંટનુ દબાણ દુર કરી આશરે ૩૦૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના લોકોની જાહેર સુખાકારીને લગતા મહત્વનાં પ્રોજેકટોની લોકાર્પણવિધિ મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે તા.૨૧–૦૨–૨૦૦૯, શનિવારના રોજ સંપન્ન થશે

સુરત શહેરના કોસાડ વિસ્તારમાં શહેરમાંના ગરીબ પરિવારોને રહેવા માટે ઘરનું ઘર આપવા અને તે પણ સુવિધાયુકત ઘર આપવાના ભાગરૂપે ૧૯૪૪૦ મકાનોનું આયોજન કરાયું છે. તે પૈકી ૫૨૮૦ મકાનનું બાંધકામ હાથ ધરાયુ છે. તે પૈકી ૩૭૪૪ મકાનો પૂર્ણતઃતૈયાર થઈ જતા આગામી તા.૨૧–૦૨–૨૦૦૯નાં રોજ આ મકાનો શહેરના ગરીબ પરિવારની એટલે કે લાભાર્થી તરીકે ઘરની મહિલાના નામે માલિકી હકકથી **મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે મકાનની ચાવી અર્પણ કરાશે.**

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના વરદ્‌હસ્તે સુરત શહેરના પ્રજા સુખાકારીના લોકાર્પણ થનાર પ્રકલ્પોમાં સવારે ૧૦–૦૦ વાગે રિલાયન્સ ચાર રસ્તા, કોસાડ ખાતે શહેરી ગરીબો માટે આવાસોની લોકાર્પણવિધિ, કતારગામ વોટર વર્કસ ખાતે ૧૫૦ એમ. એલ. ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા સરથાણા વોટર વર્કસ ખાતેના ૧૫૦ એમ.એલ.ડી. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની ઓનલાઈન લોકાર્પણવિધિ સવારે ૧૦.૧૫ કલાકે કતારગામ વોટર વર્કસ ખાતેથી જ કરાશે. આ ઉપરાંત અડાજણ સ્પોટર્સ કોમ્પલેક્ષ, ફાયર સ્ટેશન અને સ્ટાફ કવાર્ટસ ડુંભાલ તેમજ હેલ્થ સેન્ટર પૂણા જેનુ લોકાર્પણ સભા સ્થળેથી કરવામક આવશે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત કરવામાં આવેલ પ્રોજેકટોની લોકાર્પણવિધિ બાદ સવારે ૧૦.૩૦ કલાકે માન સરોવર સર્કલ પાસે અમરોલી ખાતે વિશાળ જાહેરસભાને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રમોદી સંબોધન કરશે. આ જાહેરસભામાં મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શહેરી વિકાસ મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ, આદિજાતી વિકાસ મંત્રીશ્રી મંગુભાઈ પટેલ, ધારસભ્યશ્રી નાનુભાઈ વાનાણી, શ્રી કિશોરભાઈ વાંકાવાળા, શ્રી કિરીટભાઈ પટેલ, ડે.મેયરશ્રી કિશરોભાઈ કાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, સાશક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

સુરત શહેરમાં જુદાજુદા વિસ્તારમાં ૪૦૬ જેટલી ઝુંપડપટ્ટી વિસ્તાર આવેલ છે. જેમાં લગભગ ૫.૯૨ લાખ લોકો વસવાટ કરે છે. જે.એન.એન.યુ.આર.એમ., રાજય સરકાર અને સુરત મહાનગરપાલિકાના સંયુકતપણે સૂરત શહેરના આવા ગરીબ પરિવારોને ઘરનું ઘર આપવાના ભાગરૂપે સુરત શહેરમાં રૂા.૬૧૮/– કરોડના ખર્ચે કુલ ૪૨૧૫૬ મકાનો બનાવવાનું દિર્ઘદ્રષ્ટિભર્યુ આયોજન કરાયું છે. અત્યાર સુધીમાં ૧૦૬૯ જેટલા મકાન ગરીબ પરિવારોને ફાળવી દેવામાં આવ્યા છે અને તા.૨૧–૦૨–૨૦૦૯નાં રોજ ૩૭૪૪ આવાસો નો લોકાર્પણ કરીને મા.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે પ્રતિકાત્મક રીતે લાભાર્થીઓને ચાવી અર્પણ કરવામાં આવશે. રૂા.૧.૪૪ લાખના ખર્ચે તૈયાર થયેલું એક મકાન (ફલેટ) સંપૂર્ણ સુવિધાયુકત અને આધુનિક છે. આ કોલોની જયાં બની રહી છે તે વિસ્તારમાં દવાખાનું પ્રાથમિક શાળા, બગીચો, શાક માર્કેટ, કોમ્યુનીટી હોલ, પ્લેગ્રાઉન્ડ, ડ્રેનેજ, સ્ટ્રીટલાઈટ અને રસ્તાની સુવિધા પણ આપવામાં આવી છે. બે રૂમ રસોડું ટોયલેટ બાથરૂમની સુવિધા સહિત બીજી સુવિધાવાળા આ મકાન માટે લાભાર્થી તરફથી માત્ર રૂા.૩૫,૦૦૦/– નો ફાળો આપવાનો રહે છે.

કતારગામ ખાતે કતારગામ વિસ્તાર અને આજુબાજુના વિસ્તારના વસ્તી વધારાને ધ્યાને લઈને ભાવી આયોજનના ભાગરૂપે **150 MLD** પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવામાં આવેલ છે. આ પ્લાન્ટ રૂા.૨૫.૫૭ કરોડના ખર્ચે ૧૫ માસના સમયર્મયાદામાં તૈયાર કરવામાં આવેલ છે અને **SCADA** જેવી નવી ટેકનોલોજી સાથે સુસજજ થયેલ છે. આ ઉપરાંત સરથાણા ખાતે આવેલ વારિગૃહ સંકૂલમાં રૂા.૨૪.૬૩ કરોડના ખર્ચે ૧૫૦ **MLD** ક્ષમતાનો શુધ્ધિકરણ પ્લાન્ટ પણ તૈયાર કરી દેવામાં આવેલ છે. આ બંને પ્રકલ્પોની લોકાર્પણવિધિ મા.મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કતારગામ વારિગૃહ ખાતે કરવામાં આવશે. આ બંને પ્રકલ્પો કાર્યરત થયેથી સુરત ખાતે પાણી શુધ્ધિકરણ ક્ષમતા ૮૨૮ મિલી. લીટર થી વધારીને ૧૧૨૮ મિલી. લીટર સુધી જશે, જેથી શહેરીજનોને વધારે પુરવઠા સાથે ગુણવત્તાયુકત પાણીનો લાભ મળશે. આ બંને પ્રકલ્પોમાં કેન્દ્ર સરકાર, રાજય સરકાર તથા સુરત મહાનગરપાલિકાના ખર્ચનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા પશ્ચિમઝોન અને રાંદેર વિસ્તારમાં અત્યાધુનિક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ તૈયાર કરાયું છે. રૂા.૨૫૦૦ લાખના ખર્ચે તૈયાર થયેલ અને ચાર લાખ જેટલી શહેરીજનોની વસ્તીને લાભ મળનાર છે. આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં સીન્થેટીકસ લોન, ટેનીસ કોર્ટ, વોલીબોલ કોર્ટ, બાસ્કેટ બોલ, સ્કેટીંગ રીંગ, વોકીંગ ટ્રેક, આઉટડોર કાફેટેરીયા, લોન પાર્કીગ આ ઉપરાંત બેડમીંટન કોર્ટ, મલ્ટી જીમ્નેશીયમ હોલ, મલ્ટીએકટીવીટી રૂમ, કેન્ટીન, બિલીયર્ડસ અને ટેબલ ટેનીસ રૂમનો સુવિધામાં સમાવેશ થાય છે. સુરતના ટી. પી. ૧૨ (અડાજણ) ફા. પ્લોટ નં.૧૪૩ અટલજી માર્ગ, જયવંતીનગર સોસાયટી નજીક સુરત ખાતે આ પ્રોજેકટ સાકાર થયો છે.

આ સિવાય પુણા ખાતે સુરત મહાનગરપાલિકા તરફથી રૂા.૫૨ લાખના ખર્ચે તૈયાર થયેલ આરોગ્ય કેન્દ્રનો લોકાર્પણ કરવામાં આવનાર છે. આ આરોગ્ય કેન્દ્રમાં ડીસ્પેન્સરી રૂમ, મેડીકલ ઓફિસરના બે રૂમ, ડ્રેસીંગ/ઈન્જેકશન રૂમ, ઉપરાંત રસીકરણ તથા કુટુંબ કલ્યાણ માટે રૂમ, ટી. બી. પ્રતિકારક રોગ માટેનો રૂમ વિગેરે કાર્યરત કરવા માટેની પણ સુવિધા કરવામાં આવેલ છે. આ આરોગ્ય કેન્દ્ર ધ્વારા પુણા સીમાડા વિસ્તારના અંદાજીત ૩ લાખ થી વધારે વસ્તીને આરોગ્ય સેવાનો લાભ મળશે.

આ કાર્યક્રમ ઉપરાંત મા. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે ડુંભાલ ખાતે સાકારિત થયેલ સુરત મહાનગરપાલિકાના ફાયર સ્ટેશનનું લોકાર્પણ થનાર છે. આ ફાયર સ્ટેશન રૂા.૧ કરોડના ખર્ચે બનાવવામાં આવેલ છે તેમાં અગ્નિશામક ઈકવીપમેન્ટ માટે જગ્યા ઉપરાંત બે ઓફિસરો માટે કવાર્ટસ તથા ૨૦ ફાયરમેનો માટેના કવાર્ટસનો સમાવેશ થાય છે. ફાયર સ્ટેશન કાર્યરત થવાથી સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ પરવટ, ઉમરવાડા, મગોબ, આંજણા, લિંબાયત, ડિંડોલી, ગોડાદરા વિગેરે વિસ્તારોમાં આગ અકસ્માત નિવારણની સુવિધા સમયસર અને અસરકારક રીતે સંપન્ન થશે. આમ એક જ દિવસમાં સુરત મહાનગરપાલિકાના વિકાસલક્ષી ૬ પ્રોજેકટોની લોકાર્પણવિધિ ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે થનાર છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકોર્પણવિધિ ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે સંપન્ન



સુરત મહાનગરપાલિકા ધ્વારા કોસાડ ખાતે શહેરી ગરીબો માટે આવાસો, કતારગામ વોટર વર્કસ ખાતે ૧૫૦ એમએલડી ક્ષમતાનો વોટર વર્કસ તથા સરથાણા વોટર વર્કસ ખાતે ૧૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ડુંભાલ ખાતે ફાયર સ્ટેશન અને સ્ટાફ કવાર્ટસ તથા અડાજણ ખાતે સ્પોટર્સ કોમ્પલેક્ષ અને પૂણા ખાતે હેલ્થ સેન્ટરની લોકોર્પણવિધિ ગુજરાત રાજયના મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે કરવામાં આવી હતી.

આ પ્રસંગે માનસરોવર સર્કલ પાસે, અમરોલી ખાતે જાહેર સભામાં યોજવામાં આવી હતી. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા કમિશનરશ્રી એસ.અપર્ણાએ જણાવ્યુ હતું કે પરિણામલક્ષી વહીવટી વિકાસ કામોમાં જનભાગીદારી અને પ્રેરક સૂત્રો સાથે ગુજરાતને મોડલ સ્ટેટ અને સુરતને મોડલ સીટી બનાવવાનું સ્વપ્ન સાકાર કરવાની પ્રક્રિયાનો જે તબકકો છે તેમાં મા.મુખ્યમંત્રીશ્રી અહીં ઉપસ્થિત રહીઅમોને પ્રોત્સાહિત કર્યા છે તે માટે અમો આભારી છીએ.



મહાનગરપાલિકા પાયાની સુવિધા પુરી પાડવા કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જે પ્રકલ્પોનું લોકાર્પણ થયું છે જેમાં સુરત શહેરના સર્વાંગી વિકાસની પ્રતિતિ થાય છે.કતારગામ તથા સરથાણા ખાતે બે વોટર વર્કસનું લોકાર્પણ એટલે સુવિધાયુકત સુરત.પૂણા ખાતે હેલ્થ સેન્ટરનું લોકાર્પણ અર્થાત સ્વસ્થ સુરત.ડુંભાલમાં ફાયર સ્ટેશન અને સ્ટાફ કવાર્ટસનું લોકાર્પણ અર્થાત સુરક્ષિત સુરત . અડાજણમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષનું લોકાર્પણ અર્થાત સ્વસ્થ સુરત.

આ પ્રસંગે સમારંભના પ્રમુખશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ જણાવ્યું હતું કે ૨૦૦૫ના વર્ષમાં સંપૂર્ણ નવી ટીમ સાથે સુરત મહાનગરપાલિકાએ શાસન સંભાળ્યું છે.પાછલા વર્ષમાં જે પ્રોજેકટો મુકીને ગયા હતા. તમામ પ્રોજેકટ અમોએ પૂર્ણ કર્યા છે.

**Continue ...**

મુખ્યમંત્રીશ્રી ઈચ્છે છે કે શહેરના આજુબાજુના વિસ્તારોને પણ વિકાસનો લાભ મળવો જોઈએ જુના વિસ્તારના વિકાસ માટે રુપિયા ૧૦૦ કરોડતેમજ નવા વિસ્તાર માટે ૨૦૦ કરોડ રુપિયાનું આયોજન છે. કેન્દ્ર સરકારના ૭ એવોર્ડ મહાનગરપાલિકાને મળ્યા છે. જે ગૌરવપદ છે. જકાત નાબૂદી બાદ પણ મહાનગરપાલિકા અવિરત વિકાસના કાર્યો કરી રહી છે.



આ પ્રસંગે મોંઘેરા મહેમાન પાણી, પુરવઠા, જળસંપત્તિના મંત્રીશ્રી નિતીભાઈ પટેલ. આવાસ યોજના માટે હેલ્થ સેન્ટર, સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ફાયર સ્ટેશનના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું કે ગુજરાત રાજયના અમદાવાદ, વડોદરા,સુરત અને રાજકોટ પૈકી ફકત સુરત શહેરમાંજ જેએનયુઆરએમ યોજનાનો ઝડપથી અમલીકરણ કરવામાં આવ્યું છે.




આ પ્રસંગે મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાએ ટીમ સુરતના પ્રયાસોથી ફકત દોઢ વર્ષમાં ૫૨૮૦ પૈકી ૩૭૪૪થી વધુ આવાસો પૂર્ણતઃ તૈયાર થયેલ છે તે મોટી સિધ્ધી છે. જેનાથી શહેરીજનોનું હદય ગદગદ કેમ ના થઈ જા? માટે હું ટીમ સુરતને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું આજે આપણે એક મકાન બનાવવું હોય તો ત્રણ થી ચાર વર્ષનો સમય લાગે છે. રાજય સરકારે મંદી આવતા પહેલા કેન્દ્ર સરકારને ચેતવણી આપી હતી. રાજય સરકારે આયોજનપૂર્વક રાજયભરમાં લોકોને આવાસો બનાવવાની યોજનાનું અમલીકરણ કર્યુ જેથી રોજગારી મળી રહે. નેનો પ્રોજેકટ એ ગુજરાતની પ્રગતિનું પ્રતિક છે. રાજય સરકારની તમામ યોજનાઓમાં મહિલાઓને કેન્દ્રસ્થાને રખાશે. એમ કહી મહિલા સશકિતકરણ પર ભાર મૂકયો હતો.

આ પ્રસંગે મા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ધ્વારા આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી અર્પણ કરવામાં આવી હતી. તેમજ લોકભાગીદારી થી તૈયાર કરવામાં આવેલ ''પંચશકિતનો પ્રકાશ' ના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

વધુમાં મુખ્યમંત્રીશ્રીએ સુરત મહાનગરપાલિકાને ઈ–ન્યુઝ મેગેઝીન શરૂ કરવા માટે સૂચન કર્યુ હતું. મહાનગરપાલિકાએ નવા આયોજનથી વિશ્વને રાહ ચીંધી છે. મહાનગરપાલિકાએ વાલીઓને બાળકના રસીકરણની તારીખ યાદ આપતો એસએમએસ સુવિધાની પણ પ્રસંશા કરી હતી.

ડે. મેયર શ્રી કિશોરભાઈકાનાણીએ આભારવિધિ કરી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન, કતારગામ ઝોન અને અઠવા ઝોનમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ/ઉદઘાટનવિધિ તા.૨૩–૦૨–૨૦૦૯નાં રોજ સોમવારે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ



સુરત મહાનગરપાલિકા ધ્વારા લિંબાયત ઝોન, કતારગામ ઝોન અને અઠવા ઝોનમાં વિવિધ પ્રકલ્પોની ખાતમુહૂર્તવિધિ / ઉદઘાટનવિધિ તા. ૨૩–૦૨–૨૦૦૯ નાં રોજ સોમવારે મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ.

લિંબાયત ઝોનમાં ગોડાદરા, ડીંડોલી રોડ ખાતે કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી દિપક આફ્રિકાવાલાના વરદહસ્તે કરવામાં આવી. આ કોમ્યુનીટી હોલમાં ભોંયતળીયે ૧૯.૫૪ મી × ૨૪.૬૨ મી. નો ડાયનીંગ હોલ, ૧૦.૯૦ મી. × ૪.૫૦ મી. નો એન્ટ્રન્સ ફોયર, ૪.૬૦ મી. ૨.૯૦ મી. ની બુકિંગ ઓફિસ, અને ૪.૬૦ મી. × ૨.૯૦ મી. નો ઓફિસ સ્ટોર રૂમ, કીચન ૧૦.૭૬ મી. × ૯.૯૬ મી., કીચન સ્ટોર રૂમ ૪.૫૭ મી. × ૩.૦૫ મી., જેન્ટસ અને લેડીઝ ટોયલેટ, પીવાના પાણીની પરબ, તેમજ પ્રથમ માળે  ૧૯.૫૪ મી. × ૨૪.૬૨ મી. નો હોલ, સ્ટેજ ૧૧.૫૮ મી. × ૬.૩૦ મી., ચેન્જીંગ રૂમ જેન્ટસ અને લેડીઝ માટે અલાયદો ૪.૮૫ મી. × ૩.૬૭ મી., જેન્ટસ ટોયલેટ ૩.૭૫ × ૩.૨૦ મી. લેટીસ ટોયલેટ ૨.૫૬ . ૩.૩૦ મી., પીવાના પાણીની પરબ ૩.૭૫ મી. × ૩.૨૨ મી.  બાંધકામની કુલ કિંમત રૂા.૧,૩૬,૪૦,૨૯૪/– બાંધકામનુ કુલ ક્ષેત્રફળ ૧૯૯૦૬ ચો. ફુટ, ૧૨ માસની સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવામાં આવશે. આ કોમ્યુનીટી હોલ તૈયાર થતા સાઉથ ઈસ્ટ ઝોનમાં સમાવિષ્ટ નવા વિસ્તાર તેમજ જુના વિસ્તાર મળી અંદાજે ૧લાખની વસ્તીને સુવિધા પ્રાપ્ત થશે.



લિંબાયત ખાતે રતનચોક, ઉધના યાર્ડમાં ૪ આંગણવાડીની લોકાર્પણવિધિ મા.અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિ શ્રી દિપક આફ્રિકાવાલાના વરદહસ્તે કરવામાં આવી. સદર આંગણવાડીમાં ભોંયતળીયે ૨ હોલ ૪.૫૪ મી. × ૫.૫૪ મી. ચોકડી ૨, ૧.૦૦ × ૧.૦૦ મી. તેમજ ટોયલેટ ૨, ૧.૦૦ મી. × ૧.૦૦ મી. તેમજ પ્રથમ માળે  ૨ હોલ ૪.૫૪ મી. × ૫.૫૪ મી. ચોકડી ૨, ૧.૦૦ × ૧.૦૦ મી. તેમજ ટોયલેટ ૨, ૧.૦૦ મી. × ૧.૦૦ મી. સદર બાંધકામની કુલ કિંમત રૂા.૧૪,૮૨,૦૦૦/– તેમજ બાંધકામનુ કુલ ક્ષેત્રફળ ૧૭૮૬ ચો. ફુટ ૬ માસના સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવામાં આવી. સદર આંગણવાડી બનવાથી રતનચોક, રૂપનગર, ઉધનાયાર્ડની અંદાજે ૧૦,૦૦૦ની વસ્તીને શૈક્ષણિક અને આરોગ્યલક્ષી સુવિધા મળશે.

**Continuee ...**



કુંભાલ ખાતે કુંભાલ ટેનામેન્ટ પાસે કુંભાલ જળવિતરણ મથક ખાતે ૨૨.૫ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ પાણીની ટાંકીની લોકાર્પણવિધિ મા. અધ્યક્ષશ્રી પાણી સમિતિ શ્રી નિરવભાઈ શાહના વરદહસ્તે કરવામાં આવી. ઓવર હેડ ટાંકીની કુલ ઉંચાઈ ૩૪.૦ મી. (ઢકી૯લ ઓવર હેડ ટાંકીનાં કન્ટેઈનરનો વ્યાસ ૨૩.૫મી., ઓવર હેડ ટાંકીની ઉંડાઈ ૯.૦૦ મી., ઓવર હેડ ટાંકીના શાફટનો વ્યાસ ૯.૫ મી. ઈનલેટ પાઈપ ૧૫૨૪ મી.મી., ઓવરફલો પાઈપ ૧૫૨૪ મી.મી., આઉટલેઈટ પાઈપ ૧૫૨૪ મી.મી. ઝીરો વેલોસીટી વાલ્વ ૧૫૦૦ મી.મી., આઉટલેટ વાલ્વ ૧૫૦૦ મીમી. બટરફલાય વાલ્વ, કુલ ખર્ચ રૂા.૨,૮૧,૦૭,૦૦૦/–સદર ટાંકીની લોકાર્પણવિધિ થતા કુંભાલ, લિંબાયત તથા ડિંડોલી વિસ્તારના આશરે ૩.૫૦ લાખ નાગરિકોને એકસરખા દબાણથી પાણી પુરવઠો મળશે. નાગરિકોના વીજખર્ચમાં બચત થશે. ટી.પી. સ્કીમ નં.૩૩,૩૯,૪૦,૪૧ના નાગરિકોને લાભ મળશે. સદર એરીયામાં સવારે ૭.૦૦ થી ૯.૦૦ તથા સાંજે ૬.૦૦ થી ૮.૦૦ કલાક દરમ્યાન નાગરિકોને એકસરખા દબાણથી પાણી મળશે.



કતારગામ ઝોન ખાતે રીલાયન્સ ચાર રસ્તા પાસે કોસાડ ખાતે ફાયર સ્ટેશન તથા સ્ટાફ કવાટર્સની લોકાર્પણવિધિ મા. અધ્યક્ષશ્રી લાઈટ અને ફાયર સમિતિ, શ્રી હિતેશભાઈ મૈસુરીયાના વરદહસ્તે કરવામાં આવી.

અઠવા ઝોન ખાતે કરૂણાસાગર ઓવારા સામે, નિર્મળનગર સામે, શારદાયતન સ્કૂલથી ઉમરાગામ રોડ, તરફ જવાના રસ્તે "કવિશ્રી નવલરામ પંડયા ફલોરલ પાર્ક"ની લોકાર્પણવિધિ મા.અધ્યક્ષશ્રીમતી નયનાબેન એમ. નાયકના વરદહસ્તે સંપન્ન થઈ. સદર બાગમાં સેન્ટ્રલ ફલોરલ એરિયા ૨૪૧૫ ચો.મી., સેન્ટ્રલ સર્કલ ૫૦૫ ચો.મી., પાણીની પરબ ૬૦ ચો. મી., વોક–વેની લંબાઈ ૨૧૦ ૨.મીટર, ઓફીસ અને શોપ એરીયા ૪૦ ચો.મી., અંડરગ્રાઉન્ડ પાણીની ટાંકી ૫૦,૦૦૦ લીટર, ટોયલેટ બ્લોક ૩ નંગ, ચિલ્ડ્રન પ્લે એરીયા ૧૩૩૦ ચો.મી., લીલી પોન્ડ (કમળ તળાવ) ૧૭૦ ચો.મી., બેઠક વ્યવસ્થા ૧૦ નંગ બાકડા, લાઈટપોલ–૫૩, રમતગમતના સાધનો સરકયુલર સ્લાઈડીંગ નંગ–૨, રોલર સ્લાઈડીંગ નંગ–૨, હિંચકા નંગ–૪ની વ્યવસ્થા કરવામાં આવી છે. સદર બાગનો વિસ્તાર ૧૪,૯૪૧.ચો.મીટર જેનો અંદાજીત કુલ ખર્ચ રૂા.૨૬૦ લાખ. સદર બાગની લોકાર્પણવિધિ થતા આ વિસ્તારના નાગરિકોને રીક્રીએશન તથા પર્યાવરણની જાળવણી માં લાભ થશે.

સદર કાર્યક્રમમાં ડે.મેયરશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈદલાલ, શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મા. કમિશનરશ્રી એસ. અપર્ણા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ/અધિકારીગણ તેમજ કર્મચારીગણ અને વિશાળસંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP